૧૦૭/મહ

વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત
અનુસૂચિત જનજાતિ માટેના
વ્યવસાયલક્ષી તાલીમ કેન્દ્રો
ખાનગી સંસ્થાઓના સહયોગથી
પી.પી.પી.મોડેલ મુજબ ચલાવવા
અંગે.

ગુજરાત સરકાર,
આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક : નશઅ-૧૦૨૦૦૯-ન.બા.૧૧-ઘ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ : **12 October 2009**

વંચાણે લીધા :-

(૧) આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૨૧-૬-૨૦૦૮ ના ઠરાવ ક્રમાંક : નશઅ-૧૦૦૮-૭૬૩-ઘ

(૨) કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, ગાંધીનગરના તા.૨૮-૧-૨૦૦૯ ના પત્ર ક્રમાંક : આવિ/તા.સ./૦/૪૧૯ થી ૪૨૦

(૩) ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત, ગાંધીનગરનો ફા.નં. ડીસેગ/ ૨૦૦૮-૩૬૯-ડીસેગ, તા. ૨૦-૫-૦૯

ઠરાવ :-

આદિજાતિ સમાજના સશક્તિકરણ માટે તેમની આર્થિક ક્ષમતાની વૃદ્ધિ માટે તથા તેમના થકી વિકાસમાં નવા વ્યૂહ સાથે વ્યૂહાત્મક રીતે વધુમાં વધુ આદિવાસીઓના શૈક્ષણિક તેમજ આર્થિક ઉત્કર્ષની અમલીકરણના ભાગરૂપે વનબંધુ કલ્યાણ યોજના અમલમાં છે. આ યોજના અંતર્ગત માન. મુખ્યમંત્રીશ્રીના દશ મુદ્દા કાર્યક્રમના મુદ્દા નં. ૨ થી શિક્ષણની ગુણવત્તા અને ઉચ્ચ અભ્યાસ પર ભાર મૂકવામાં આવેલ છે. આ સિદ્ધિ હાંસલ કરવા માટે ખાનગી સંસ્થાઓને વંચાણે લીધા ક્રમાંક-(૧) થી વ્યવસાયલક્ષી તાલીમ કેન્દ્રો પી.પી.પી. મોડેલ મુજબ શરૂ કરવા અને ચલાવવા ઠરાવવામાં આવેલ છે.

અનુસૂચિત જનજાતિના યુવકોને અદ્યતન મશીનરીથી અદ્યતન ગુણવત્તાવાળી તાલીમ આપવા વંચાણે લીધા ક્રમાંક-(૨) થી વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત અનુસૂચિત જનજાતિના લોકો માટેના વ્યવસાયલક્ષી તાલીમ કેન્દ્રો ખાનગી સંસ્થાઓના સહયોગથી પી.પી.પી. મોડેલ મુજબ ચલાવવા બાબતે નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦ માટે રૂ. ૩૬૦.૦૦ લાખ (રૂ. ૭૦.૦૦ આવર્તક અને રૂ. ૨૯૦.૦૦ લાખ અનાવર્તક) નવી સેવાને વહીવટી મંજુરી માટે મળેલ દરખાસ્ત અન્વયે વહીવટી મંજુરી આપવામાં આવે છે.

વંચાણે લીધા ક્રમાંક-(૩) થી તા. ૨૦-૫-૨૦૦૯ ના રોજ મીટીંગમાં હાથ ધરવા કમિટિએ પી.પી.પી. મોડેલ હેઠળ વી.ટી.સ. પ્રોજેકટની મીનીટસમાં જણાવેલ એજન્ડા આઇટમ નં. ૧ થી ૪ માં જણાવેલ સંસ્થાના નામ સામે જણાવેલ પ્રોજેક્ટ કે જે (૧) સેટીંગ અપ કન્સ્ટ્રકશન એકેડેમી બાય ગણપત યુનિવર્સીટી (૨) સેટીંગ અપ મલ્ટી સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર બાય આઇ.એલ. એન્ડ એફ.એસ. લી., (૩) વિવેકાનંદ ગ્રામીણ ટેકનોલોજી કેન્દ્ર સેવા રૂરલ (૪) સેટીંગ અપ રૂરલ બી.પી.ઓ. ઇન શીડયુલ્ડ એરીયા બાય રૂરલ સોર્સ પ્રા.લિ., તથા એજન્ડા આઇટમ નં. ૫ થી જણાવેલ પી.પી.પી. પેટર્નના પ્રોજેક્ટ પ્રપોઝલના નોર્મ્સ મુજબ ચલાવવાનું ઠરાવવામાં આવેલ છે.

વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત અનુસૂચિત જનજાતિ માટેની વ્યવસાયલક્ષી તાલીમ કેન્દ્રો, ખાનગી સંસ્થાઓના સહયોગથી પી.પી.પી. મોડલ મુજબ ચલાવવા બાબતે સને ૨૦૦૯-૧૦ માટે રૂ. ૩૬૦.૦૦ લાખની (રૂ. ૭૦ લાખ આવર્તક અને ૨૯૦.૦૦ લાખ અનાવર્તક) નવી સેવાને નીચે જણાવેલ શરતોને આધિન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

૧. સને ૨૦૦૯-૧૦ ની સુધારેલ અંદાજપત્રીય જોગવાઇને આધિન રહીને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.
૨. હાઇ પાવર કમિટિ દ્વારા જે વ્યવસાયલક્ષી તાલીમ કેન્દ્રો મુજબ સંસ્થાઓ સદર ઠરાવના ફકરા-૩ માં દર્શાવ્યા મુજબ ચલાવવા પસંદ કરેલ છે તેની શરતોનું પાલન કરવાનું રહેશે.
૩. વહીવટી વિભાગના તા.૨૧-૬-૨૦૦૮ ના ઠરાવની શરતોનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.
૪ આ અંતર્ગત ભારત સરકાર દ્વારા ભારતના બંધારણની કલમ-૨૭૫(૧) મુજબ જે ખાસ સહાય તથા ભારત સરકાર તરફથી મળનાર અન્ય સહાય માટેની નીતિ

નિયમોનું પાલન કરી, ભારત સરકાર પાસેથી મળવાપાત્ર તમામ સહાય સમયસર મેળવી લેવાની રહેશે.

૫. આ અંગેનું ખર્ચ સરકારશ્રી દવારા વખતોવખત નક્કી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારા ધોરણોને આધિન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૬. આ મંજુરી અન્વયે જો કોઇપણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.

૭. આ યોજના અંગેનું ખર્ચ તા.૧-૮-૨૦૦૯ થી કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક : ૯૬, મુખ્ય સદર : ૨૨૨૫, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર : ૦૨, અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર ૭૯૬, ટ્રાયબલ એરીયા સબ પ્લાન, પેટા સદર (૯૯) પબ્લીક પ્રાઇવેટ પાર્ટનરશીપ મોડેલ, વ્યવસાયિક તાલીમ કેન્દ્ર હેઠળ ચાલુ વર્ષે થયેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અગ્રસચિવશ્રી (ખર્ચ) નાણાં વિભાગની તારીખ ૨-૯-૨૦૦૯ ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જયોતિ કે. પટેલ)
નાયબ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

નામદાર રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્રથી)
કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર
મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત, ગાંધીનગર

નકલ રવાના :-

માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર